# શહેરમાં બંધ શાંતિપૂર્ણ : નહીંવત અસર

## એસ ટી બસો સહીત વાહન વ્યવહાર યથાવત : બે ચાર શૈક્ષણિક સંસ્થાઓને બાદ કરતા શાળા કોલેજો ચાલુ રહી : કોંગી નેતાઓ અને કાર્યકરો દુકાનો બંધ કરાવવા નિકળતા પોલીસે ડિટેઇન કર્યા : નગરના જનજીવન પર બંધના એલાનની સામાન્ય અસર







ગાંધીનગર તા ૧૦

દેશમાં પેટ્રોલ ડિઝલના વધતા ભાવ અને ખેડુતોને પાકનુ યોગ્ય વળતર ન મળવા સહીત દેવા માફીના મુદ્દે કોંગ્રેસે જારી કરેલા ભારત બંધના એલાનની આજે શહેરમાં નહીંવત અસર જોવા મળી હતી. કોંગ્રેસના આગેવાનોએ આજે શહેરમાં ફરીને ચાલુ દુકાનો બંધ કરાવી હતી જો કે આ દરમિયાન પોલીસે તેમને ડીટેઇન કર્યા હતા.

શહેરના મુખ્ય બજારોમાં આજે સોમાવારના હીસાબે આમ પણ રજા હોવાથી દુકાનો બંધ રહી હતી. જયારે કેટલીક શાળા કોલેજો પણ બંધની અસરના પગલે એન એસ યુ આઈ ના આગેવાનોએ બંધ કરાવી હતી. શહેરમાં વાહન વ્યવ્હાર પણ યથાવત રીતે ચાલુ રહ્યો હતો. ગાંધીનગર અમદાવાદ વચ્ચેની એસ ટી બસ સેવા પણ યથાવત દોડી હતી. જયારે સવારના સમયે ઉત્તર ગુજરાત તરફના રૂટની બસો થોડા સમય માટે રોકાવી દેવાઈ હતી. જયારે ઉપરથી સુચના મળતા તબક્કાવાર આ રૂટની બસો રૂટમાં દોડી હતી. શહેરમાં દિવસ દરમિયાન બંધની નહીંવત અસર વચ્ચે નગરનુ જનજીવન યથાવત સ્થિતિમાં ધમધમતુ જોવા મળ્ય હતુ.

દેશમાં પેટ્રોલ ડિઝલના ભાવ આસમાને પહોંચવાની સાથે ખેડુતોને પાકનુ યોગ્ય વળતર ન મળતુ હોવાના આક્રોશ સાથે મોંઘવારીના વિરોધમાં આજે કોંગ્રેસે બંધનુ એલાન આપ્યુ હતુ. જયારે અન્ય ૧૮ જેટલી રાજકીય પાર્ટીઓએ પણ આ બંધના એલાનને સમર્થન આપ્યુ હોવાથી બંધનુ એલાન દેશમાં અસરકારક પુરવાર થશે તેમ પણ મનાઈ રહ્યુ હતુ. જયારે ગાંધીનગરમાં આ બંધના એલાનની કેટલાક ઠેકાણે મિશ્ર તો કેટલાક ઠેકાણે નહીંવત અસર જોવા મળી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## ભારત બંધના એલાનને જિલ્લામાં પણ નાગરિકોનુ સમર્થન : કોંગ્રેસ

પેટ્રોલ ડિઝલના ભાવ આસમાને જતા મોંઘવારી હેઠળ પીસાતી પ્રજાની સમસ્યાને વાચા આપવા માટે આજે કોંગ્રેસે આપેલા બંધના એલાનને ગાંધીનગર જિલ્લામાં નાગરિકોએ શાંતિપુર્ણ માહોલમાં સમર્થન આપ્યુ હોવાનુ જિલ્લા કોંગ્રેસના મહામંત્રી વિષ્ણુભાઈ પટેલે જણાંવ્યુ છે. તેમણે વધુમાં આ અંગે જણાંવ્યા મુજબ સરકારની પ્રજા વિરોધી નિતીઓના લીધે કર્જ નીચે દબાયેલા સમસ્યાઓથી પીડાતા ખેડુતો તેમજ મહીલાઓ

● અનુસંધાન પાન-૭ પર

## ચિલોડા દહેગામમાં દુકાનો બંધ કરાવાનો પ્રયાસ

ચિલોડા બ્રિજ પર ટાયરો સળગાવીને કોંગી આગેવાનો દહેગામ ચિલોડાના મુખ્ય બજારનુ દુકાનો બંધ કરાવવા માટે પહોંચ્યા હતા. આ દુકાનો બંધ કરાવાનો પ્રયાસ કરતા સ્થાનિક પોલીસે ૬ જેટલા કાર્યકરોની અટકાયત કરી હતી.

## કોંગી કાર્યકરોએ ચિલોડા પુલ પર ટાયરો સળગાવ્યા



ચિલોડા સાબરમત્તી પુલ પર બપોરે ૧૨ કલાકે કોંગ્રેસના આગેવાનોએ ટાયરો સળગાવતા માર્ગ પર દોડતા વાહનો અટકી ગયા હતા. પુલ પર ટાયરો સળગાવી દેવાતા રસ્તો ચક્કાજામ થઈ ગયો હતો. આ દરમિયાન ચિલોડા પોલીસે સ્થળ પર પહોંચી સળગતા ટાયરો દુર કરીને ટ્રાફિકને જવા માટે જગ્યા કરી હતી. ટ્રાફિક ખુલ્લો થતા પરિસ્થિતિ થાળે પડી હતી.

## હેલ્થ મિશનના ત્રણ સંવર્ગના કર્મચારીઓ આંદોલનના માર્ગે

ગાંધીનગર, તા. ૧૦

નેશનલ હેલ્થ મિશનના કરાર આધારિત ત્રણ સંવર્ગના કર્મચારીઓ આજથી અચોક્કસ મુદતની હડતાલ ઉપર ઉતર્યા છે.

પગાર-વધારાની વિસંગતતાને પગલે હડતાલ પર ઉતરેલા આયુષ, બ્રધર્સ અને એફ.એ. સંવર્ગના કર્મચારીઓને કારણે જિલ્લાના તાલુકાઓમાં આરોગ્યની સેવાઓ પર વિપરીત અસરો પડેલી જણાઈ હતી.

આજે આ કર્મચારીઓએ તેમની માંગણીને લઈ જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી તેમજ જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારીને આવેદન પત્ર આપી તેમના મુદ્દાઓ અંગે રજુઆત કરી હતી.

આવુ આંદોલન અગાઉ મહેસાણા જિલ્લામાં પણ થયુ હતુ. ધીમી ગતિએ તે સમગ્ર રાજયમાં પ્રસરશે તેમ જાણવા મળેલ છે. આંદોલનકારીઓએ આજે પંચાયતના પ્રાંગણમાં બેનર બાંધી અને ધરણા પણ કર્યા હતા.

## સે-૭માં રહેણાંક વિસ્તારમાં ધમધમતા ૨૩ દવાખાનાઓને તંત્રની નોટીસ

### બે દિવસમાં હેતુફેર ઉપયોગ બંધ નહીં કરવામાં આવે તો તંત્ર કાર્યવાહી હાથ ધરશે

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં દબાણ હટાવ ઝુંબેશના લીધે વેપારીઓ અને રહીશોમાં ફફડાટ વ્યાપ્યો છે. પ્રાથમિક તબક્કે લારી ગલ્લાના દબાણો દુર કરવા માટે હાથ ધરાયેલી ઝુંબેશ અન્વયે હાલ શહેરના સૌથી ગીચ અને ધમધમતા સે-૨૪ માં હાઉસીંગના મકાનોમાં દબાણો દુર કરવા માટે અભિયાન હાથ ધરાયા બાદ સેકટરવાસીઓમાં ફફડાટ પ્રવર્તયો છે. સેકટર-૨૪ માં પાકા દબાણો પર બુલડોઝરની થપાટો પડતા સુનકાર મચી ગયો હતો. જયારે રહેણાંક વિસ્તારમાં ધમધમતી કોર્મશિયલ દુકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ રહેણાંક વિસ્તારમાં પણ પાકા દબાણો દુર કરવામાં આવી રહ્યા છે. આજે સે-૨૪ માં હાઉસીંગના મકાનોને અનુલક્ષી પાકા દબાણો દુર કરવા માટે તંત્રના અધિકારીઓએ સુચના આપી હતી. સેકટરોના કોર્મશિયલ કોમ્પલેક્ષોમાં પણ હેતુફેર ઉપયોગ અને માર્જીનની તેમજ પાર્કીંગની

● અનુસંધાન પાન-૭ પર

## આઈએનઆઈએફડીના વિદ્યાર્થીઓનુ ગારમેન્ટ પ્રદર્શન નિહાળી નગરજનો દંગ



ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં ઈન્ફોસીટી સ્થિત આઈ એન આઈ એફ ડી દ્વારા ડિઝાઈનર ગાર્મેન્ટસ એકઝિબીશન -૨૦૧૮ નુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આઈ એન આઈ એફ ડી ના વિદ્યાર્થીઓ દ્વારા ચણીયા ચોળી, પાર્ટીવેર ગાઉન્સ, બેબી ફ્રોક, ટ્રાઉઝર્સ, ટી શટર્સ, ઈન્ડો વેસ્ટર્ન, કેજયુઅલ વિઅર, નેકલેસ,ઈઅરરિંગ્સ, બેંગલ્સ જેવી અનેક ચીજવસ્તુઓ અવનવી ડિઝાઈન્સમાં તૈયાર કરવામાં આવી હતી. જયારે આ પ્રદર્શન ગેલેરીમાં મોટી સંખ્યામાં નાગરિકોએ મુલાકાત લઈ વિદ્યાર્થીઓના પ્રયાસને બિરદાવ્યો હતો.

આઈ એન આઈ એફ ડીના ડિરેકટર વિશાલ મકવાણાએ આ અંગે જણાંવ્યુ હતુ કે સંસ્થાના વિદ્યાર્થીઓએ તૈયાર કરેલા કલેકશનને સ્થાનિક નાગરિકો દ્વારા ખુબ જ સારો પ્રતિસાદ મળ્યો છે. જે અમારા માટે ગર્વની વાત છે. ફેશન ક્ષેત્રે અવનવા ક્રીએશન અને નવી ડિઝાઈન તૈયાર કરવામાં વિદ્યાર્થીઓએ ખુબ જ મહેનત કરી છે. નવરાત્રી અને દિવાળી સહીતના તહેવારો નજીકમાં હોવાથી તેને ધ્યાને રાખી વિદ્યાર્થીઓએ આ પ્રદર્શન ગેલેરીમાં પોતાના હાથે તૈયાર કરેલા ૧૦૦થી વધુ ડિઝાઈનના નમુનાઓ રજુ કર્યા હતા.

## શહેરમાંથી વધુ ૩ ડેન્ગ્યુ કેસ મળ્યા : કુલ ૨૧ કેસ

### સે. ૨૪, ૪ અને ૨ માંથી આ કેસો મળ્યા : સે. ૭ માં સર્વેલન્સ દરમ્યાન ૭૦ ઘરમાંથી એડીસ મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાંથી આજે ડેન્ગ્યુના વધુ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં અત્યાર સુધીમાં કુલ ૨૧ કેસ આ વાહકજન્ય રોગના નોંધાયા છે.

શહેરી મેલેરિયાતંત્રની કચેરીના સૂત્રોના જણાવ્યાનુસાર આજે નોંધાયેલા ૩ કેસમાં બે પુરૂષ દર્દી અને એક ૧૭ વર્ષીય દિકરીનો સમાવેશ થાય છે. તંત્રની ટીમો દ્વારા આજે સે. ૭ માં કરાયેલ સર્વેલન્સ દરમ્યાન ૭૦ ઘરોમાંથી એડીસ મચ્છરોના બ્રિડીંગ પણ મળી આવ્યા છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે સે. ૨૪, ૪ અને ૨ માંથી આ કેસ મળી આવેલ છે. સે. ૨ માંથી ૧૭ વર્ષીય દિકરીને ડેન્ગ્યુ પોઝીટીવ આવેલ છે. જ્યારે સે. ૨૪ અને સે. ૪માંથી પુરૂષ દર્દીઓને ડેન્ગ્યુ પોઝીટીવ જણાયેલ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ ૩ દર્દી હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર હેઠળ છે. જ્યાં તેમની સ્થિતિ સુધારા પર છે.

મળતી વિગતો પ્રમાણે તંત્રની ટીમો દ્વારા આજે સે. ૭માં સર્વેલન્સની હાથ ધરાયેલી કામગીરી દરમ્યાન ૭૦ જેટલા ઘરોમાંથી ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા છે. ટીમો દ્વારા સે. ૭ માં ત્રણ હજારથી વધુ મકાનોમાં સર્વેલન્સ કરવામાં આવ્યુ હતુ.

ગાંધીનગર શહેરમાં નવા સેક્ટરો એ વાહકજન્ય રોગચાળા માટે સંવેદનશીલ બની ઉભરી રહ્યા છે. આ સેક્ટરોમાં સર્વેલન્સની કામગીરી સઘન બનાવવામાં આવી છે.

શહેરી મેલેરિયાતંત્રની ટીમો દ્વારા મળી આવેલા દર્દીઓના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી કરવામાં આવી છે. જો કે કોઈ શંકાસ્પદ કેસો મળ્યા નથી તેમ તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે. તંત્રની ટીમો દ્વારા દર્દીઓના રહેઠાણ પર એન્ટી લારવેલ અને ફોગીંગની કાર્યવાહી કરવામાં આવી છે.

## બિટકોઈન કેસમાં કોટડિયાના સાત દિવસના રિમાન્ડ મંજૂર

### કિરીટ પાલડિયાની જામીન અરજી પણ ફગાવાઇ : સમગ્ર ગુનાહિત કાવતરામાં ભજવેલ ભૂમિકા બદલ નલિન કોટડિયાને કુલ ૬૬ લાખ મળવાના હતા : ઉંડી ચકાસણી



અમદાવાદ,તા.૮

શહેર સહતિ રાજયભરમાં ભારે ખળભળાટ મચાવનાર બીટકોઈન કૌભાંડમાં છેલ્લા ઘણા સમયથી નાસતા ફરતાં પૂર્વ ધારાસભ્ય નલિન કોટડીયાની અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આજે મહારાષ્ટ્રના ધૂલિયામાં અમ્લનેરથી ધરપકડ કરી લીધા બાદ સીઆઈડી ક્રાઈમ દ્વારા આજે આરોપી નલિન કોટડિયાને અત્રેની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા અને તેમના દસ દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી. કોર્ટે સમગ્ર કૌભાંડની ગંભીરતા ધ્યાને લઈ આરોપી પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયાના સાત દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. બીજીબાજુ, અત્રેની સેશન્સ કોર્ટે આજે બીટકોઈન કેસના મહત્વના આરોપી એવા કિરીટ પાલડિયાની રેગ્યુલર જામીન અરજી પણ આકરા વલણ સાથે ફગાવી દીધી હતી. સીઆઈડી ક્રાઈમ દ્વારા આજે ભારે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે આરોપી નલિન કોટડિયાને કોર્ટમાં રજૂ કર્યા હતા અને તેમના દસ દિવસના રિમાન્ડની માંગણી કરતાં જણાવ્યું હતું કે, બીટકોઈન કેસમાં નલિન કોટડિયાએ રાજકોટમાં ખરીદેલી જમીનના રૂ.૨૫ લાખ આંગડિયા મારફતે નાનકુ આહિરને મોકલાવ્યા હતાં.

● અનુસંધાન પાન-૭ પર


www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



હવે, શહેરની મધ્યમાં...
The Flavours of Gujarati Traditional Snacks, Sweets & Street Food at
bansari TRADITIONAL
ભાતીગળ ભોજનનો આસ્વાદ
(A.C Restaurant)
MANAGED BY RUDRAKSH EVENT MANAGEMENT
Bansari Traditional
101, First Floor, Haveli Arcade, Near Hotel Fortune inn Haveli, Sector-11, Gandhinagar-382010. M. : 8871887150, M. : 8160053460


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com